અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત જનજાતિઓ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોની કુમારીકાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:સશપ-૧૪૦૭-ન.બા.૨૪-અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૨૯/૩/૨૦૦૮

વંચાણે લીધા:-(૧) સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ) નો ઠરાવ ક્રમાંક: એસસીકબલ્યુ/૧૦૯૧/૯૭૫/જ તા. ૨-૫-૯૫

(૨) સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ) નો ઠરાવ ક્રમાંક: એસસીકબલ્યુ/૧૦૯૧/૯૭૫/૯૫/૨/જ તા: ૨૦-૧૦-૯૫

(૩) સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ) નો ઠરાવ ક્રમાંક: એસસીકબલ્યુ/૧૦૯૫/મ.ન.૬૯/જ તા.૧૧-૧૨-૯૫

ઠરાવ:-

૧. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: ૨ માં જણાવેલા તા.૨૦/૧૦/૯૫ ના ઠરાવથી અનુસૂચિતજાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોની કુમારીકાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઈના મામેરાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં લાભાર્થીની રૂ.૧૧૦૦૦/- વાર્ષિક આવક મર્યાદા હતી. તે આવક મર્યાદા ભારત સરકારે તા.૨૨/૩/૯૯ ના પત્રથી જાહેર કરેલ આવક મર્યાદા મુજબ વધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ આ યોજનામાં આવક મર્યાદાનુ ધોરણ ભારત સરકારે જાહેર કરેલ આવક મર્યાદાના ધોરણ મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧૫૯૭૬/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૨૧૨૦૬/- કરવાનુ ઠરાવવામાં આવે છે.

૨. આ યોજના માટે ચાલુ નાણાંકીય વર્ષમાં નવી બાબત તરીકે અંદાજપત્રમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે કરવામાં આવેલ રૂ.૩૦.૦૦ લાખની જોગવાઈ તથા આર્થિક રીતે પછાતવર્ગ માટે કરવામાં આવેલ રૂ.૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ યોજનાના ઠરાવની મૂળ શરતો/જોગવાઈ યથાવત રહેશે અને આ અંગેનો વધારાનો કોઈ ખર્ચ મળવાપાત્ર થશે નહી.

૪. આ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

૩. આ યોજનાના ઠરાવની બાકીની શરતો/જોગવાઈ યથાવત રહેશે અને આ અંગેનો વધારાનો કોઈ ખર્ચ મળવાપાત્ર થશે નહી.

૪. આ ઠરાવનો અમલ તા. ૧/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નં.૯૨-૨૨૨૫- અનુસૂચિતજાતિ/ અનુસૂચિત આદિજાતિ/અન્ય પછાતવર્ગનુ કલ્યાણ-૮૦૦-અન્ય ખર્ચ બીસીકે-૧૨૩- સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની તથા આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓને મામેરા માટે સહાય હેઠળ થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા.૧૫/૩/૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બકુલ શાહ)
ઉપસચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ...

નં.વિજાક/જનરલ/ક્રૂ.મા../૦૮-૦૯/ [illegible]
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
બ્લોક નં.૪ / ૩ , ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૭૩૨૫ થી ૫૩,
ફેક્સ નં. ૨૩૨૫૭૩૪૬
E.MAIL ; dire_ dcw @ gujarat gov .in
તારીખ :૬ /૪ / ૨૦૦૮

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે :-</u>

૧. જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) જિ. ............................

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) જિ. ............................

૨. નાયબ નિયામકશ્રી / શાખાધિકારીશ્રી તમામ વડી કચેરી, ગાંધીનગર.